| કુલ ગુણ | 100 |
|---|---|

# સંશોધન અને તાલીમ સહાયક પરીક્ષા - 2024
## PART - 2 (SAMAJIK VIGYAN)

પરીક્ષાની તારીખ : ૦૮/૧૨/૨૦૨૪

પરીક્ષાનો સમય : સવારે ૧૫:૦૦ થી ૧૭:૦૦

| કેટેગરી |
|---|
| A |

SEAL SEAL SEAL SEAL SEAL SEAL
SAMAJIK VIGYAN
PAPER-2
SEAL SEAL SEAL SEAL SEAL SEAL

પરીક્ષાર્થીનો બેઠક ક્રમાંક

પરીક્ષાનો બ્લોક નંબર

પરીક્ષાર્થીની સહી

બ્લોક સુપરવાઇઝરની સહી

| પરીક્ષાર્થીઓ માટે અગત્યની સૂચનાઓ | |
|---|---|
| (1) | તમને કહેવામાં ન આવે ત્યાં સુધી પ્રશ્ન પુસ્તિકા ખોલવી નહીં. |
| (2) | મોબાઇલ ફોન, કેલક્યુલેટર, સ્માર્ટ વોચ, પેજર, સ્પાય કેમેરા, હેડ ફોન કે અન્ય વીજાણું ઉપકરણો હોવાનુ જણાશે તો પરીક્ષાર્થીને ગેરલાયક ગણવામાં આવશે. |
| (3) | ચાલુ પરીક્ષા દરમ્યાન અંદરોઅંદર વાતચીત કરવી, અવાજ કરવો કે સુપરવાઇઝરની સૂચનાઓનું ઉલ્લંઘન કરવું તે ગેરશિસ્ત ગણાશે. |
| (4) | પરીક્ષા શરૂ થયેથી પૂરી થાય તે દરમ્યાન પરીક્ષાર્થીએ પરીક્ષા ખંડ છોડવાની મનાઇ છે. |
| (5) | પ્રશ્નપત્ર મળે કે તરત જ ઉત્તરપત્ર **(OMR SHEET)** માં નિયત કરેલ જગ્યાએ પોતાનો બેઠક નંબર સ્વચ્છ અક્ષરે લખવો. |
| (6) | ઉત્તરપત્ર **(OMR SHEET)** માં નિશ્ચિત જગ્યા સિવાય પરીક્ષાર્થીએ પોતાનો બેઠક ક્રમાંક લખવો નહીં તથા પોતાની આગવી ઓળખ છતી થાય તેવી નામ સહિતની અન્ય કોઈ પણ પ્રકારની નિશાની કરવાની સખ્ત મનાઈ છે. તેમ છતાં પણ કોઈ પણ નિશાની કે ઓળખ માલૂમ પડશે તો તેને સંપૂર્ણ ગેરશિસ્ત ગણવામાં આવશે અને પરીક્ષા માટે ગેરલાયક ગણવામાં આવશે. |
| (7) | ઉત્તરપત્ર **(OMR SHEET)** ના પ્રમાણપત્રમાં પરીક્ષાર્થી તથા સુપરવાઇઝર બંનેની સહી ફરજીયાત છે. બંનેની સહી વિનાના ઉત્તરપત્ર **(OMR SHEET)** નું મુલ્યાંકન થશે નહીં. જેથી ઉમેદવારે સુપરવાઇઝરશ્રીની સહી અવશ્ય મેળવી લેવી. |
| (8) | પરીક્ષાર્થીએ બ્લ્યુ/બ્લેક બોલપોઇન્ટ પેનનો ઉપયોગ કરી શકાશે. અન્ય શાહી કે પેન કે પેન્સિલ તથા સફેદ શાહીનો ઉપયોગ કરી શકાશે નહીં. |
| (9) | પ્રશ્નપત્રની પુસ્તિકામાં કે પ્રશ્નના જવાબ આગળ કોઈપણ પ્રકારની નિશાની કરવી નહી. |
| (10) | <u>આ કસોટી પત્રમાં કુલ -100 પ્રશ્નો છે</u>. પ્રત્યેક પ્રશ્નનો ઉત્તર A, B, C અને D પૈકી કોઈ એક છે. દરેક પ્રશ્ન માટે ચાર વિકલ્પો આપવામાં આવેલ છે. તમારે બધા જ પ્રશ્નોના ઉત્તર આપવાના છે.<br>ઉદાહરણ તરીકે : ગુજરાતનું પાટનગર કયું છે ?<br>(A) અમદાવાદ (B) ગાંધીનગર (C) વડનગર (D) પાટણ<br>અહીં જવાબ (B) ગાંધીનગર જવાબ સાચો હોય, **OMR SHEET** માં વિકલ્પ (B) નું વર્તુળ ઘુંટવાનું (Encode) કરવાનું થાય.<br>Ⓐ●ⒸⒹ |
| (11) | પ્રત્યેક સાચા જવાબદીઠ ૧ (એક) ગુણ મળવાપત્ર થશે. માઇનસ માર્કીંગ સિસ્ટમ નથી. **(NO NEGATIVE MARKING SYSTEM)** |
| (12) | છેકછાકવાળા જવાબ તથા એકથી વધારે વિકલ્પમાં આપેલ જવાબ તથા બ્લેડ કે રબ્બર કે વાઇટનર (સફેદ શાહી) નો ઉપયોગ કરી બદલાવેલ જવાબ માટેના ગુણ મળવાપાત્ર નથી. |
| (13) | પરીક્ષા પૂરી થયા બાદ ઉત્તરપત્ર **(OMR SHEET)** બ્લોક સુપરવાઇઝરને પરત કર્યા બાદ વર્ગખંડ છોડવાનો રહેશે. તેમ કરવામાં કસૂર થયેથી શિસ્ત ભંગના પગલાં ગણી પરીક્ષા માટે જે તે ઉમેદવારને ગેરલાયક ઠેરવવામાં આવશે. |
| (14) | આ પરીક્ષા માટેનો સમય ૧૨૦ મિનિટનો છે. |

રફ કામ માટેનું પેઈજ

(1) પૂજા પ્રાચીન ભારતમાં શિક્ષણ આપતી ક વિદ્યાપીઠની મુલાકાત લેવા જાય છે. ત્યાં તેણે એક દિવાલ પર લખાણ વાંચ્યુ કે, 'પાણિની, ચાણક્ય, જીવક વગેરે આ જ શિક્ષણ સંસ્થામાંથી ખ્યાતિ પામ્યા છે.' પૂજા કઈ વિદ્યપીઠની મુલાકાતે હશે ?

(A) તક્ષશિલા (B) નાલંદા (C) વલભી (D) વિક્રમશીલા

(2) ભારતમાંથી મળી આવેલ પ્રાચીન ગુફાઓ સંબંધિત નીચે પૈકી કયુ વિધાન યોગ્ય નથી ?

(A) કુરનુલની ગુફામાંથી રાખનાં અવશેષો મળ્યા હતા.

(B) ગુફા એ આદિમાનવના રહેઠાણ માટેનું સ્થળ હતું.

(C) આદિમાનવ ગુફાઓમાં રહી લોખંડનાં ઓજારો બનાવતો હતો.

(D) આદિમાનવોએ ગુફાઓમાં ભીંતચિત્રો દોર્યા હતા.

(3) પૃથ્વીની સપાટીથી આશરે 130 કિમીની ઉંચાઈ પછી કયા વાયુનું અસ્તિત્વ હોય છે ?

(A) ઓક્સિજન (B) હાઇડ્રોજન (C) નાઇટ્રોજન (D) કાર્બન ડાયોક્સાઇડ

(4) અપૂર્વ અને દ્વારકેશ ભારતમાં આવેલ વિંધ્યાચલ પર્વતની વાત કરી રહ્યા છે. આ પર્વતનું વર્ગીકરણ કરતી વખતે તેને કયા વિભાગમાં મૂકવામાં આવે છે ?

(A) અવશિષ્ટ પર્વત (B) જ્વાળામુખી પર્વત (C) ગેડ પર્વત (D) ખંડ પર્વત

(5) જૂનાગઢમાં ગિરનાર પર્વત તરફ દામોદર કુંડ જતાં મળી આવેલ શિવાલેખમાંથી નીચેનામાંથી કઈ વિગત દર્શાવવામાં આવી છે ?

(A) અશોક દ્વારા બૌદ્ધ ધર્મ અંગીકાર કરવામાં આવ્યો તેની વિગત

(B) કલિંગના યુદ્ધમાં માર્યા ગયેલ લોકો માટે સહાનુભૂતિની વિગત

(C) કલિંગ સાથેના યુદ્ધમાં અશોકની મનોદશાની વિગત

(D) સુદર્શન તળાવમાંથી સિંચાઈ માટે કાઢવામાં આવેલ નહેરોની વિગત

(6) સાંસ્કૃતિક નકશામાં કયા પ્રકારનાં નકશાનો સમાવેશ થતો નથી ?

(A) રાજકીય નકશા (B) ભૂપૃષ્ઠના નકશા

(C) ઐતિહાસિક નકશા (D) ઔદ્યોગિક નકશા

(7) 'સામાન્ય રીતે 1 કિમીની ઉંડાઈએ જતા આશરે $30^0$ સેલ્સિયસ તાપમાનનો વધારો થાય છે.' આ વિધાન કયા આવરણને લાગુ પડે છે ?

(A) જલાવરણ (B) મૃદાવરણ

(C) વાતાવરણ (D) જીવાવરણ

(8) ગ્રામસભા સંદર્ભે નીચે પૈકી કયુ વિધાન યોગ્ય નથી ?

(A) ગામમાં રહેતા પુખ્ત વયનાં બધા જ વ્યક્તિ ગ્રામસભાના સભ્ય.

(B) વર્ષમાં ઓછામાં ઓછા બે વખત ગ્રામસભા યોજવી ફરજિયાત છે.

(C) ગ્રામસભાના અધ્યક્ષ તલાટી હોય છે.

(D) ગ્રામસભા એટલે ગામની ધારાસભા

(9) ઉષ્ણ કટિબંધીય પાનખર જંગલોમાં કયા પ્રકારનાં વૃક્ષો જોવા મળે છે ?

(A) સાગ, સાલ, વાંસ, મહુડો
(B) સાગ, મહોગની, નેતર, રોઝવુડ
(C) નેતર, બાવળ, ચીડ, દેવદાર
(D) સુંદરી, પાઈન, દેવદાર, સાગ

(10) વિજયનગર સામ્રાજ્યમાં શાસન કરતા વંશો સંદર્ભે નીચે પૈકી કયો વિકલ્પ યોગ્ય છે ?

(A) સંગમ વંશ, સાલુવ વંશ, ગુલામ વંશ, તુલુવ વંશ
(B) સંગમ વંશ, સાલુવ વંશ, તુલુવ વંશ, અરવિડુ વંશ
(C) સાલુ વંશ, ખલજી વંશ, ગુલામ વંશ, તુલુવ વંશ
(D) સાલુ વંશ, તુગલક વંશ, તુલુવ વંશ, ગુલામ વંશ

(11) અહોમ રાજ્યમાં જે લોકો પાસે બળજબરીપૂર્વક શ્રમકાર્ય કરાવતું તે લોકોને કયા નામે ઓળખવામાં આવતા ?

(A) બાર હોતો
(B) પાઈક
(C) ખેલ
(D) ચોર્યાસી

(12) 'અ' વિભાગ 'બ' વિભાગને યોગ્ય રીતે જોડો.

| 'અ' | | 'બ' |
|---|---|---|
| 1. લઠ્ઠમાર હોળી | a. | તમિલનાડુ |
| 2. લાહેડી | b. | ઉત્તર પ્રદેશ |
| 3. પોંગલ | c. | પંજાબ |

(A) 1 - a, 2 - b, 3 - c
(B) 1 - b, 2 - a, 3 - c
(C) 1 - c, 2 - b, 3 - a
(D) 1 - b, 2 - c, 3 - a

(13) પંજાબ : ખોખર જનજાતિ : : પશ્ચિમ હિમાલય :

(A) અહોમ
(B) બલોચ
(C) ગદ્દી ગડરિયો
(D) મીઝો

(14) નીચે આપેલ રાજ્યોમાંથી કયો વિકલ્પ વિધાન પરિષદ ધરાવતા રાજ્યો દર્શાવે છે ?

(A) મહારાષ્ટ્ર, કર્ણાટક, તમિલનાડુ, કરેલ
(B) ગુજરાત, બિહાર, પશ્ચિમ બંગાળ, મેઘાલય
(C) મહારાષ્ટ્ર, તેલંગણા, આંધ્રપ્રદેશ, ઉત્તરપ્રદેશ
(D) મધ્યપ્રદેશ, ઓડિશા, પંજાબ, ત્રિપુરા

(15) મોઢેરાના સૂર્યમંદિર સંદર્ભે નીચે પૈકી કઈ બાબત બંધબેસતી નથી ?

(A) આ મંદિરમાં સૂર્યની અગિયાર મૂર્તિઓ અંકિત થયેલી છે.
(B) તે સોલંકી યુગના રાજવી ભીમદેવ પ્રથમના શાસનકાળમાં બંધાયેલ હતુ.
(C) સૂર્યનું પહેલું કિરણ સૂર્યપ્રતિમાનાં મુકુટની મધ્યના મણિ પર પડે છે.
(D) આ મંદિરના જળકુંડની આજુબાજુ નાના-નાના 108 મંદિરો આવેલા છે.

(16) રાજસ્થાનમાં નીચે પૈકી કઈ ચિત્ર શૈલી જોવા મળતી નથી ?

(A) મારવાડ
(B) ઉદયપુર
(C) કોટા
(D) મેવાડ

(17) ભરતી-ઓટ સંદર્ભે કયુ વિધાન યોગ્ય નથી ?

(A) સમદ્ર સપાટીની ચઢ-ઉતરની ઘટના છે.

(B) સૂર્ય-ચંદ્રના ગુરૂત્વાકર્ષણને કારણે ઉદ્ભવે છે.

(C) બે ભરતી વચ્ચેનો સમયગાળો 11:25 કલાક જેટલો હોય છે.

(D) પૃથ્વીનાં જુદા-જુદા ભાગ સૂર્ય-ચંદ્રની સામે આવે ત્યારે ઉદ્ભવે છે.

(18) શાસકો સંબંધિત વિગત સંદર્ભે નીચે પૈકી કઈ જોડ યોગ્ય નથી ?

(A) રઝિયા સુલતાના : દિલ્લીની ગાદીએ આવનાર પ્રથમ મહિલા શાસક

(B) મુહમ્મદ-બિન-તુગલક : તરંગી યોજનાઓ

(C) કૃષ્ણદેવરાય : આંધ્રનાં ભોજ

(D) હરિહરરાય : સાલુવ વંશના રાજા

(19) સ્થળ અને સ્થાપત્ય સંદર્ભે 'અ' વિભાગને 'બ' વિભાગ સાથે યોગ્ય રીતે જોડો.

| | 'અ' | | 'બ' |
|---|---|---|---|
| a. | પાટણ | 1. | રૂદ્ર મહાલય |
| b. | સિદ્ધપુર | 2. | રાણીની વાવ |
| c. | વડનગર | 3. | મલાવ તળાવ |
| d. | ધોળકા | 4. | શર્મિષ્ઠા તળાવ |
| | | 5. | ભદ્રકાળીનો કિલ્લો |

(A) a - 2, b - 1, c - 4, d - 3

(B) a - 4, b - 3, c - 1, d - 2

(C) a - 2, b - 3, c - 4, d - 5

(D) a - 3, b - 1, c - 5, d - 4

(20) પૃથ્વીની સપાટીથી ઉંચાઈ તરફ જતા આવરણો સંદર્ભે સાચો ક્રમ કયો છે ?

(A) ક્ષોભ આવરણ, મધ્યાવરણ, સમતાપ આવરણ, ઉષ્માવરણ

(B) ક્ષોભ આવરણ, સમતાપ આવરણ, મધ્યાવરણ, ઉષ્માવરણ

(C) ક્ષોભ આવરણ, ઉષ્મા વરણ, સમતાપ આવરણ, મધ્યાવરણ

(D) ક્ષોભ આવરણ, સમતાપ આવરણ, ઉષ્માવરણ, મધ્યાવરણ

(21) ન્યાયિક મેજિસ્ટ્રેટની કામગીરી સંદર્ભ કઈ બાબત યોગ્ય નથી ?

(A) તેઓ રૂા. 10,000 દસ હજાર સુધીનાં દંડની સજા કરી શકે છે.

(B) તેમનાં ચુકાદા પર જિલ્લા અદાલતમાં અપીલ કરી શકાય છે.

(C) તેઓ ત્રણ વર્ષથી ઉપરની જ સખત કેદની સજા કરી શકે છે.

(D) તેઓ ફોજદારી કેસો પર સુનાવણી કરે છે.

(22) સરકાર દ્વારા કેટલાંક વિસ્તારોમાં બનાવવામાં આવેલ 'સ્પેશ્યલ ઈન્ડસ્ટ્રિયલ ઝોન' સંદર્ભે સરકારી મદદ અંગેની કઈ બાબત સાચી છે ?

(A) પાંચ વર્ષ સુધી સરકાર દ્વારા માનવ શ્રમની મદદ પૂરી પાડવામાં આવે છે.

(B) કેટલાક સમય સુધી જુદા-જુદા કરવેરામાંથી મુક્તિ આપવામાં આવે છે.

(C) એક વર્ષ સુધી ઉદ્યોગ માટેની સુવિધાઓ મફત પૂરી પાડવામાં આવે છે.

(D) 99 વર્ષનાં ભાડા પટ્ટે મફતમાં જમીન આપવામાં આવે છે.

(23) શિવાંશ સંસાધનોના પ્રકારને ઉદાહરણ સાથે જોડવામાં મુશ્કેલી અનુભવે છે. તેની મદદ કરો.

| 'અ' | 'બ' |
|---|---|
| a. સર્વ સુલભ સંસાધન | 1. કોલસો |
| b. સામાન્ય સુલભ સંસાધન | 2. ક્રાયોલાઇટ ખનીજ |
| c. વિરલ સંસાધન | 3. ઓક્સિજન |
| d. એકલ સંસાધન | 4. ગોચર ભૂમિ |

(A) a - 2, b - 1, c - 3, d - 4

(B) a - 2, b - 3, c - 1, d - 4

(C) a - 3 b - 2, c - 4, d - 1

(D) a - 3, b - 4, c - 1, d - 2

(24) ભારતમાં પડોશી દેશો સંદર્ભે કઈ જોડ અયોગ્ય છે ?

(A) ભૂતાન - ઉત્તર - પૂર્વ
(B) બાંગ્લાદેશ - પૂર્વ
(C) મ્યાનમાર - પશ્ચિમ
(D) ચીન - ઉત્તર-પૂર્વ

(25) ક્રાંતિકારી ચળવળો સાથે સંકળાયેલ ઘટનાઓ સંદર્ભે નીચે પૈકી કઈ બાબત યોગ્ય નથી ?

(A) અરવિંદ ઘોષે 'નવશક્તિ' પુસ્તકમાં ક્રાંતિની યોજના આલેખી.

(B) ભારતમાં ક્રાંતિકારી પ્રવૃત્તિની શરૂઆત વાસુદેવ ફડકેએ કરી.

(C) ગુજરાતમાં સશસ્ત્ર ક્રાંતિની ભૂમિકા તૈયાર કરનાર સર્વ પ્રથમ નેતા શ્રી અરવિંદ ઘોષ હતા.

(D) ચાંદોદ પાસે વિદ્યાલયની સ્થાપના કરાઈ.

(26) મેઘાલય અને અરૂણાચલ પ્રદેશની વડી અદાલત કયા રાજ્યમાં આવેલી છે ?

(A) મેઘાલય
(B) અસમ
(C) મણિપુર
(D) અરૂણાચલ પ્રદેશ

(27) નીચે આપેલા રાજ્યોને દક્ષિણથી ઉત્તર દિશાનાં ક્રમમાં ગોઠવો.

(A) હિમાચલ પ્રદેશ, હરિયાણા, મધ્ય પ્રદેશ, તેલંગણા, આંધ્ર પ્રદેશ

(B) તેલંગણા, આંધ્ર પ્રદેશ, મધ્ય પ્રદેશ, હિમાચલ પ્રદેશ, હરિયાણા

(C) આંધ્ર પ્રદેશ, તેલંગણા, મધ્ય પ્રદેશ, હરિયાણા, હિમાચલ પ્રદેશ

(D) આંધ્ર પ્રદેશ, તેલંગણા, મધ્ય પ્રદેશ, હિમાચલ પ્રદેશ, હરિયાણા

(28) 'અ' વિભાગમાં આપેલ સંસ્થાઓનાં અંગ્રેજી ટૂંકાક્ષરી તથા 'બ' વિભાગમાં આપેલ નામને યોગ્ય રીતે જોડી ઉત્તર આપો.

| | 'અ' | 'બ' |
|---|---|---|
| a. | IMF | 1. આંતરરાષ્ટ્રીય ખાદ્ય અને કૃષિ સંસ્થા |
| b. | FAO | 2. શૈક્ષણિક - વૈજ્ઞાનિક અને સાંસ્કૃતિક સંસ્થા |
| c. | ILO | 3. આંતરરાષ્ટ્રીય બેન્ક તથા નાણા ભંડોળ |
| d. | UNESCO | 4. આંતરરાષ્ટ્રી મજદૂર સંસ્થા |

(A) a - 4, b - 1, c - 2, d - 3 (B) a - 3, b - 2, c - 1, d - 4

(C) a - 2 b - 3, c - 4, d - 1 (D) a - 3, b - 1, c - 4, d - 2

(29) રાજ્યનીતિનાં માર્ગદર્શન સિદ્ધાંતો સંદર્ભે ક્યુ વિધાન બંધબેસતુ નથી ?

(A) તેનો સમાવેશ બંધારણનાં ચોથા ભાગમાં કરવામાં આવ્યો છે.

(B) તેનો અમલ કરવા રાજ્ય સરકારો બંધાયેલ નથી.

(C) તેનો અમલ કરવાની જોગવાઈ બધારણમાં નથી.

(D) તેનાં દ્વારા આપણને કાનૂની અધિકારો પ્રાપ્ત થાય છે.

(30) ખડક સંદર્ભે નીચે પૈકી ક્યુ વિધાન સુસંગત નથી ?

(A) તે છિદ્રાળુ - અછિદ્રાળુ હોઈ શકે છે.

(B) નિર્માણ પ્રક્રિયાનાં આધારે તેનાં ત્રણ વિભાગ પડે છે.

(C) તે હંમેશા નક્કર હોય છે.

(D) એક કે તેથી વધુ ખનીજોનાં બનેલા સંગઠિત પદાર્થ છે.

(31) લેટેરાઇટ જમીનને બીજા કયા નામથી ઓળખવામાં આવે છે ?

(A) પીટ પ્રકારની જમીન (B) રેગુર જમીન

(C) પડખાઉ જમીન (D) પર્વતીય જમીન

(32) મહાબલી પુરમ : તમિલનાડુ : : પટ્ટદકલ : ....................

(A) મધ્ય પ્રદેશ (B) ઓડિશા (C) ઉત્તર પ્રદેશ (D) કર્ણાટક

(33) દેશનાં સંગ્રહાલયો અને રાજ્યો સંદર્ભે કઈ જોડ યોગ્ય નથી ?

(A) સાલારગંજ સંગ્રહાલય : પશ્ચિમ બંગાળ (B) શ્રી હેમચંદ્રાચાર્ય ગ્રંથાલય : ગુજરાત

(C) રાષ્ટ્રીય માનવ સંગ્રહાલય : મધ્યપ્રદેશ (D) રાષ્ટ્રીય સંગ્રહાલય : દિલ્લી

(34) મને ઓળખો :

– મને ભારતીય રસાયણ શાસ્ત્રના આચાર્ય માનવમાં આવે છે.

– મે 'રસ રત્નાકર' અને 'આરોગ્ય મંજરી' જેવા ગ્રંથો લખ્યા છે.

(A) ચરક (B) સુશ્રુત (C) નાગાર્જુન (D) વાગ્ભટ્ટ

(35) 'અ' વિભાગમાં આપેલ વિગતોને 'બ' વિભાગ સાથે જોડી ઉત્તર આપો.

| 'અ' | 'બ' |
|---|---|
| a. દંડી | 1. હર્ષચરિત |
| b. બાણભટ્ટ | 2. દશકુમાર ચરિત |
| c. ભવભૂતિ | 3. મુદ્રારાક્ષસ |
| d. વિશાખદત્ત | 4. ઉત્તર રામચરિત |

(A) a - 2, b - 3, c - 1, d - 4 (B) a - 3, b - 1, c - 2, d - 4

(C) a - 3 b - 4, c - 2, d - 1 (D) a - 2, b - 1, c - 4, d - 3

(36) 'ગોપુરમ્' સંદર્ભે નીચે પૈકી કયુ વિધાન યોગ્ય નથી ?

(A) મંદિરોનું પ્રવેશદ્વાર છે.

(B) તેને ગુજરાતમાં 'ગભારો' કહે છે.

(C) તે અર્ધગોળાકાર હોય છે.

(D) તેના નીચેનાં બે માળને ઉર્ધ્વાકાર બનાવવામાં આવે છે.

(37) કિશનને મેળામાં જવુ ખૂબ ગમે છે. નીચે મુજબના મેળામાં જવા માટે તે કયા જિલ્લામાં જશે ?

| 'અ' | 'બ' |
|---|---|
| a. નકળંગનો મેળો | 1. દાહોદ |
| b. મીરા દાતારનો મેળો | 2. છોટા ઉદેપુર |
| c. ગોળ ગધેડાનો મેળો | 3. ભાવનગર |
| d. ભાંગુરિયાનો મેળો | 4. મહેસાણા |

(A) a - 2, b - 1, c - 4, d - 3

(B) a - 2, b - 3, c - 4, d - 1

(C) a - 4 b - 2, c - 3, d - 1

(D) a - 3, b - 4, c - 1, d - 2

(38) નૃત્ય અને નૃત્યાંગના સંદર્ભે નીચે પૈકી કઈ જોડ યોગ્ય નથી ?

(A) કથક : યામિની રેડ્ડી (B) ભરત નાટ્યમ્ : વૈજયંતી માલા

(C) કુચીપુડી : શોભા નાયડુ (D) મણિપુરી : નયના ઝવેરી

(39) વર્ગખંડમાં 'જળસ્રોતો' વિશે વિદ્યાર્થીઓની ચર્ચા દરમિયાન રજૂ થયેલું કયુ વિધાન યોગ્ય નથી ?

(A) વિશ્વધા : ભૂમિગત જળનો જથ્થો મર્યાદિત છે.

(B) શ્વેતા : જળ સંસાધનનો મુખ્ય સ્રોત વૃષ્ટિ છે.

(C) અપૂર્વ : પૃષ્ઠિય જળનો મુખ્ય સ્રોત નદીઓ છે.

(D) પ્રાર્થના : ભૂમિગત જળનો સૌથી વધુ ઉપયોગ સિંચાઈ માટે થાય છે.

(40) વિશ્વ બેંકના - 2004 નાં અહેવાલ મુજબ માથાદીઠ આવક કેટલા ડોલરથી ઓછી હોય તો તે વિકાસશીલ દેશ કહેવાય ?

(A) 480 (B) 250 (C) 520 (D) 735

(41) વિષયવસ્તુ - અધ્યાપન કરાવવા માટે તમારે યોગ્ય પદ્ધતિ પસંદ કરવી છે. નીચે પૈકી કઈ બાબતને સૌથી વધુ નિર્ણાયક ગણશો ?

(A) અભ્યાસક્રમ (B) વર્ગખંડ પર્યાવરણ

(C) વિદ્યાર્થીઓનું વયજૂથ (D) ઉપલબ્ધ સંસાધનો

(42) એક શિક્ષક વર્ગખંડમાં વિદ્યાર્થીઓને ભૂતકાલીન ઘટનાઓનું વાસ્તવિક દર્શન કરાવવા માટે જૂના સમયના સિક્કા, ટીકીટ વગેરે સામગ્રીઓ સાથે વિષયવસ્તુની ક્રમબદ્ધ રજૂઆત કરે છે. તો તેણે કઈ પદ્ધતિનો ઉપયોગ કર્યો કહેવાય ?

(A) નિદર્શન (B) પ્રદર્શન

(C) અવલોકન (D) આધાર

(43) ભૂગોળ શિક્ષણ માટેની વિશિષ્ટ પદ્ધતિ કઈ છે ?

(A) પ્રાદેશિક પદ્ધતિ (B) નિદર્શન પદ્ધતિ (C) ચર્ચા પદ્ધતિ (D) મોક પદ્ધતિ

(44) નિદર્શન પદ્ધતિ સંદર્ભે નીચે પૈકી કઈ વિગત યોગ્ય નથી ?

(A) શિક્ષક દ્વારા થતી પ્રયોગ, પ્રવૃત્તિ કે સામગ્રીની રજૂઆત.

(B) વર્ગમાં વિદ્યાર્થીઓની વધુ સંખ્યા હોય ત્યારે પણ ઉપયોગી

(C) બધી જ બુદ્ધિકક્ષાનાં વિદ્યાર્થીઓનું સક્રિય જોડાણ

(D) શિક્ષક પોતે પ્રવૃત્તિ કે નિદર્શન કરી પ્રશ્નોત્તરી કરી છે.

(45) એક શિક્ષક વર્ગખંડમાં નકશાનાં પ્રકારો સમજાવી રહ્યા છે. તેઓ માપને ધ્યાનમાં લઈને નકશાનાં પ્રકારો સજાવતી વખતે નીચે પૈકી કયા પ્રકાર સમજાવશે ?

1. સર્વે માટેના નકશા 2. નકશાપોથીનાં નકશા 3. જમીનનાં નકશા 4. હવામાન નકશા

(A) 1 અને 3 (B) 1 અને 2 (C) 2 અને 3 (D) 3 અને 4

(46) સામાજિક વિજ્ઞાન વિષયના પેપરમાં વિદ્યાર્થીઓ તાર્કિક અને ક્રમબધ્ધ રીતે પોતાના વિચારો રજૂ કરે છે. નીચેનામાંથી કયા પ્રકારના પ્રશ્નોમાં તેનો સમાવેશ કરીશકાય ?

(A) ટૂંક જવાબી પ્રશ્નો (B) નિબંધ પ્રકારના પ્રશ્નો (C) હેતુલક્ષી પ્રશ્નો (D) અતિ ટૂંકજવાબી પ્રશ્નો

(47) નીચે પૈકી કઈ પદ્ધતિ રાજનીતિ શાસ્ત્રના શિક્ષણ માટેની વિશિષ્ટ પદ્ધતિ છે ?

(A) નિદર્શન પદ્ધતિ (B) મોક પદ્ધતિ (C) પ્રાદેશિક પદ્ધતિ (D) ચર્ચા પદ્ધતિ

(48) મને ઓળખો.

- મારા અધ્યાપન દરમિયાન તમામ અધ્યાપન કૌશલ્યોનું સંકલિત ઉપયોજન કરવામાં આવે છે.
- મને સંક્ષિપ્ત અધ્યાપન પણ કહેવામાં આવે છે.

(A) માઇક્રો ટીચીંગ (B) સેતુ પાઠ (C) સિમ્યુલેશન (D) પરિચય પાઠ

(49) કોઈ સંસ્થાનું હુબહુ ચિત્ર વર્ગખંડમાં ઊભુ કરીને તે સંસ્થા વિશે અધ્યાપન કરાવવામાં આવે તે પદ્દતિ એટલે...

(A) સંવાદ પદ્ધતિ (B) નાટ્યીકરણ પદ્ધતિ (C) પ્રોજેક્ટ પદ્ધતિ (D) મોક પદ્ધતિ

(50) નીચે પૈકી કયો પ્રોજેક્ટ પદ્ધતિનો સિદ્ધાંત નથી ?

(A) પુનરાવર્તનનો સિદ્ધાંત (B) અનુભવનો સિદ્ધાંત

(C) ઉપયોગિતાનો સિદ્ધાંત (D) હેતુનો સિદ્ધાંત

(51) ક્રિયા દ્વારા શિક્ષણનો વિચાર ................ એ રજૂ કર્યો અને તેને વૈજ્ઞાનિક સ્વરૂપ આપી પ્રૉજેક્ટ પદ્ધતિ તરીકે ઓળખ . ................ એ આપી.

(A) સ્ટીવન્સન, બેલાર્ડ (B) જ્હોન ડ્યૂઈ, વિલિયમ ક્લિપેટ્રિક

(C) વિલિયમ ક્લિપેટ્રિક, જ્હોન ડ્યૂઈ (D) જ્હોન ડ્યૂઈ, સ્ટીવન્સન

(52) સમયરેખા સંદર્ભે કંઈ બાબત યોગ્ય નથી ?

(A) સમયરેખા જુદા - જુદા આકારની બનાવી શકાય છે.

(B) સમયરેખામાં પ્રતીકોનો ઉપયોગ કરી શકાતો નથી.

(C) સમયરેખામાં આલેખ પ્રકારની સમયરેખા હોય છે.

(D) સમયરેખામાં ડાબી બાજુએ ચોક્કસ પ્રમાણમાપને ધ્યાને રાખી સાલ નોધાય છે.

(53) એક શિક્ષક વર્ગખંડમાં વિવિધ કારીગરોની કામગીરીનું દશ્ય નાટક સાથે ભજવી સમજ આપે છે. આ કયા પ્રકારનો પ્રોજેક્ટ કહેવાય ?

(A) વિશિષ્ટ શૈક્ષણિક પ્રોજેક્ટ (B) સર્જનાત્મક પ્રોજેક્ટ

(C) સમસ્યાત્મક પ્રોજેક્ટ (D) દઢીકરણ પ્રકારનો પ્રોજેક્ટ

(54) 'સમજ વિકસાવતા કડીરૂપ શબ્દો કે સબ્દસમૂહનો ઉપયોગ' આ ઘટક કયા કૌશલ્યનું છે ?

(A) ઉત્તેજના - પરિવર્તન કૌશલ્ય (B) સ્પષ્ટીકરણ કૌશલ્ય

(C) પ્રશ્ન ઉંડાણ કૌશલ્ય (D) ઉદાહરણ કૌશલ્ય

(55) શૈક્ષણિક હેતુઓની સંરચના કરવાથી કયો ફાયદો થતો નથી ?

(A) વિષયવસ્તુને કેન્દ્રમાં રાખી શિક્ષણ આપી શકાય છે.

(B) સમગ્ર શિક્ષણપ્રક્રિયાનું નિયમન કરી શકાય છે.

(C) વર્તન - પરિવર્તનલક્ષી શિક્ષણ આપી શકાય છે.

(D) અધ્યાપન પ્રક્રિયાનું મૂલ્યાંકન થઈ શકે.

(56) શૈક્ષણિક હેતુઓ સંદર્ભે કઈ બાબત બંધબેસતી નથી ?

(A) હેતુઓ ક્રિયાની દિશા દર્શાવે છે. (B) હેતુઓ ક્રિયા દ્વારા આવનાર પરિવર્તન દર્શાવે છે.

(C) હેતુઓ પરિવર્તનશીલ હોય છે. (D) હેતુઓ અનુગામી હોય છે.

(57) એશિયા ખંડનો સૌથી જૂનો અને લાંબો રોડ કયા રાજાના સમયમાં નિર્માણ પામ્યો હતો ?

(A) વિષ્ણુગુપ્ત (B) અશોક (C) બિંદુસાર (D) ચંદ્રગુપ્ત મૌર્ય

(58) ગુપ્તયુગના વહીવટી તંત્રમાં હાથીના સેનાના વડાને શું કેહવામાં આવતું હતું ?

(A) મહાપિલૂપતિ (B) મહાબલા ધિકૃત (C) મહાપ્રતિહાર (D) મહાસંધિવિગ્રહક

(59) ચીની મુસાફર યુઅન સ્વાંગ કયા સમ્રાટના સમયમાં ભારત આવ્યા હતા ?

(A) સમ્રાટ અશોક (B) સમ્રાટ હર્ષવર્ધન (C) સમ્રાટ ચંદ્રગુપ્ત (D) સમ્રાટ સમુદ્રગુપ્ત

(60) કોના અંતરાયથી પૃથ્વી પર સૂર્યગ્રહણ જોવા મળે છે ?

(A) બુધ (B) સૂર્ય (C) પૃથ્વી (D) ચંદ્ર

(61) સમુદ્રસપાટીથી ઉચ્ચપ્રદેશની ઊંચાઈ કેટલા મીટર સુધીની હોય છે ?

(A) 160 મીટરથી વધુ (B) 180 મીટરથી વધુ

(C) 170 મીટરથી વધુ (D) 190 મીટરથી વધુ

(62) આબોહવા નક્કી કરવા માટે કેટલા વર્ષની સરેરાશ પરિસ્થિતિને ધ્યાનમાં લેવામાં આવે છે ?

(A) 30 વર્ષ (B) 25 વર્ષ (C) 35 વર્ષ (D) 40 વર્ષ

(63) તમારા ગામને પાવનગ્રામ યોજનાનો લાભ ક્યારે મળી શકે ?

(A) છેલ્લા પાંચ વર્ષમાં ગામમાં કોઈ ગુનો નોંધાયેલ ન હોય

(B) 100 ટકા ગામ સાક્ષર હોય

(C) છેલ્લા ત્રણ વર્ષમાં ગામમાં કોઈ ગુનો નોંધાયેલ ન હોય

(D) 100 ટકા ગામમાં મતદાન થતું હોય

(64) કઈ નદીઓએ બંગાળના ઉપસાગરમાં સુંદરવન નામના વિશાળ મુખત્રિકોણની રચના કરી છે ?

(A) ગંગા અને યમુના (B) બ્રહ્મપુત્ર અને ગોદાવરી

(C) બ્રહ્મપુત્ર અને યમુના (D) બ્રહ્મપુત્ર અને ગંગા

(65) રાજપૂત યુગની શાસન વ્યવસ્થામાં મંત્રણા અને રાજનીતિ કરવાનું કામ કોનું હતું ?

(A) સચિવનું (B) નગરપતિનું (C) અમલદારનું (D) અમાત્યનું

(66) નીચે આપેલ મુઘલ શાસકોમાંથી ખુર્રમ કયા શાસકનું હુલામણું નામ હતું ?

(A) શાહજહાં (B) જહાંગીર (C) અકબર (D) ઔરંગઝેબ

(67) હિમનદી દ્વારા લાવવામાં આવેલ પદાર્થો જેવા કે નાના-મોટા ખડકો, રેતી અને કાંકરા નિક્ષેપિત થતાં તેના પ્રવાહ વચ્ચે કયા પ્રકારની ભૂમિ સ્વરૂપની રચના થાય છે ?

(A) ડ્રમલિન (B) ટાર્ન (C) પ્રસ્તર (D) ડેલ્ટા

(68) ગરમ મેગ્મા ઠંડો થઈ નક્કર થઈ જાય છે. આ પ્રકારે બનેલ ખડક કયા નામે ઓળખાય છે ?

(A) જળકૃત ખડક (B) રૂપાંતરિત ખડક (C) પ્રસ્તર ખડક (D) અગ્નિકૃત ખડક

(69) ગોલકોંડાના શાસક પાસેથી ફરમાન મેળવી મછલીપટ્ટનમમાં પોતાનું સ્થાન જમાવનાર યુરોપિયન પ્રજા કઈ હતી ?

(A) અંગ્રેજ (B) ડચ (C) ફ્રેન્ચ (D) ડેનિશ

(70) શ્યામજીકૃષ્ણ વર્માના કયા સાથીદારે પેરિસમાં સભાઓ ભરી અંગ્રેજી દમનનો વિરોધ કર્યો હતો ?

(A) સરદારસિંહ રાણા (B) મદનલાલ ઢીંગરા

(C) મેડમ ભીખાઈજી રુસ્તમ કામા (D) ડૉ. સત્યપાલ

(71) શેઠ સી.એન. વિદ્યાલય અમદાવાદમાં શિક્ષકોની તાલીમ માટેનો અભ્યાસક્રમ શરૂ કરવા 'કલાશાળા'ની સ્થાપના ક્યારે થઈ હતી ?

(A) ઈ.સ. 1851 (B) ઈ.સ. 1951 (C) ઈ.સ. 1855 (D) ઈ.સ. 1955

(72) હૈદરાબાદના વિલીનીકરણમાં કોની ભૂમિકા મહત્ત્વની રહી હતી ?

(A) વી.પી. મેનન (B) ગાંધીજી (C) કનૈયાલાલ મુનશી (D) શ્યામજીકૃષ્ણ વર્મા

(73) પવનઊર્જા ઉત્પન્ન કરનારા અગ્રણી દેશો કયા છે ?

(A) બર્મા, પાકિસ્તાન, શ્રીલંકા (B) ચીન, વિયેતનામ, શ્રીલંકા

(C) ભૂતાન, થાઈલેન્ડ, સા. આફ્રિકા (D) જર્મની, યુ.એસ.એ. ડેન્માર્ક

(74) માનવીને જાતિ, ધર્મ, ભાષા કે રાષ્ટ્રીયતાના કોઈપણ ભેદભાવ વિના સન્માન સાથે જીવન જીવવા માટે માનવ અધિકારોની ઘોષણા કોના દ્વારા કરવામાં આવે છે ?

(A) યુનેસ્કો (B) યુ.એફ.ઓ (C) યુ.એસ.એ. (D) યુ.એન.

(75) ભારતે કેવું રાજ્ય બનવાનો સંકલ્પ કર્યો છે ?

(A) કલ્યાણ રાજ્ય (B) શિક્ષિત રાજ્ય (C) રામરાજ્ય (D) સમૃધ્ધ રાજ્ય

(76) વધુ વરસાદને કારણે તીવ્ર ધોવાણનાં ક્ષેત્રોમાં કયા પ્રકારની જમીન તૈયાર થાય છે ?

(A) કાંપની જમીન (B) પડખાઉ જમીન (C) રાતી જમીન (D) રણપ્રકારની જમીન

(77) વર્સેલ્સની સંધિ - 1919 પ્રમાણે જર્મનીએ કઈ નદી આંતરરાષ્ટ્રીય જળમાર્ગ માટે ખુલ્લી મૂકી ?

(A) વઝેર નદી (B) ગાર્શન નદી (C) રહાઈન નદી (D) લવાર નદી

(78) બંધારણની સંયુક્ત યાદીમાં કેટલા વિષયોનો સમાવેશ કરવામાં આવ્યો છે ?

(A) 97 (B) 66 (C) 47 (D) 67

(79) નીચેનામાંથી કયા દેશમાં પ્રમુખીય લોકશાહી શાસન વ્યવસ્થા છે ?

(A) ભારત (B) જાપાન (C) ગ્રેટબ્રિટન (D) અમેરિકા

(80) નીચેના પૈકી કઈ નદીનું બેસીન ક્ષેત્ર કેરળ, કર્ણાટક અને તામિલનાડુમાં ફેલાયેલું છે ?

(A) કાવેરી (B) કૃષ્ણ (C) ગોદાવરી (D) તાપી

(81) કયા રાજ્યમાં ઘરના પાછલા ભાગમાં પુકુર બનાવીને માછલાંનો ઉછેર કરવામાં આવે છે ?

(A) બંગાળ (B) અસમ (C) મેઘાલય (D) નાગાલેન્ડ

(82) ભારતીય બંધારણના કયા અનુચ્છેદમાં નાગરિકની મૂળભૂત ફરજો દર્શાવી છે ?

(A) અનુચ્છેદ - 51 (ક) (B) અનુચ્છેદ - 51 (જ)

(C) અનુચ્છેદ - 51 (બ) (D) અનુચ્છેદ - 51 (ખ)

(83) કાશ્મીરના ઇતિહાસને આલેખતો અત્યંત મહત્ત્વપૂર્ણ ગ્રંથ કયો છે ?
(A) પૃથ્વીરાજ રાસો (B) ગીત ગોવિંદ (C) કથાસરિતસાગર (D) રાજતરંગિણી

(84) આકાશી ગ્રહોની માનવીના ભવિષ્ય પર થતી અસરોનો સમાવેશ કયા ગ્રંથમાં કરવામાં આવ્યો છે ?
(A) બૃહદ્‌સંહિતા (B) અષ્ટાંગહૃદય (C) માનસાર (D) બ્રહ્મસિદ્ધાંત

(85) વૈશ્વિક વારસામાં સ્થાન પામેલ એલિફન્ટાનું સ્થાનિક નામ શું રાખવામાં આવ્યું છે ?
(A) શિવપુરી (B) ધારાપુરી (C) ગજપુરી (D) ધારાવી

(86) રાતી જમીન કયા તત્ત્વની હાજરીને કારણે લાલ રંગની બને છે ?
(A) ફેરિક ઓક્સાઇડ (B) મેગ્નેશિયમ (C) ફોસ્ફેટ (D) નાઇટ્રોજન

(87) સામાજિક વિજ્ઞાનના શિક્ષણ કાર્યમાં રોલ-પ્લે પ્રયુક્તિનો ઉપયોગ કરો છો ત્યારે કયો લાભ થતો નથી ?
(A) વિષયવસ્તુ મૂર્તિ સ્વરૂપે આપી શકાય છે. (B) બધા એકમો આના દ્વારા શીખવી ન શકાય.
(C) શિક્ષણ રસમય બને છે. (D) શિક્ષણકાર્ય રસમય બને છે.

(88) પ્રશ્ન પ્રયુક્તીમાં નીચે આપેલ લક્ષણો પૈકી કયું લક્ષણ અયોગ્ય છે ?
(A) પ્રશ્નો નિશ્ચિત ઉદ્દેશ્યોવાળા હોવા જોઈએ. (B) પ્રશ્નો ક્રમિક અને સાતત્યવાળા હોવા જોઈએ.
(C) શિક્ષકે કૌશલ્ય હસ્તગત ન કર્યું હોય. (D) પ્રશ્નો ભાષાની દૃષ્ટિએ યોગ્ય હોય

(89) કોઈપણ એક ખ્યાલ રજૂ થાય તે અંગેના વિચારો બે-ત્રણ મિનિટમાં વિદ્યાર્થીઓ નોંધે, જટીલ કોયડાઓ જાતે મગજ કસીને ઉકેલે તે માટે નીચે પૈકી કઈ પ્રયુક્તિ ઉપયોગમાં લઈ શકાય ?
(A) બ્રેઈન સ્ટોર્મ (B) પ્રોજેક્ટ (C) સ્વ-અધ્યયન (D) પરિસંવાદ

(90) વિદ્યાર્થીઓને કોઈ મ્યુઝિયમ, ફેક્ટરી, જંગલ કે ઐતિહાસિક સ્થળ પર લઈ જઈને તેના વિશે સમજ આપે તો શિક્ષકે નીચે પૈકી કઈ અધ્યાપન પદ્ધતિનો ઉપયોગ કર્યો ગણાય ?
(A) સમસ્યા ઉકેલ (B) ફિલ્ડ ટ્રીપ (C) જીવનવૃત્તાંત પદ્ધતિ (D) કુદરતી પ્રદેશ પદ્ધતિ

(91) વિદ્યાર્થીના વ્યક્તિત્વના કે વર્તનના કેટલાક ગુણો જેવા કે પ્રામાણિકતા, ઉત્સાહ, નિષ્ઠા, નિયમીતતા વગેરે માટે મૂલ્યાંકનની કઈ પ્રવિધિ ઉપયોગી નથી ?
(A) ચેકલિસ્ટ (B) પ્રશ્નાવલી (C) ક્રમમાપદંડ (D) પ્રસંગનોંધ

(92) મૂલ્યાંકન પ્રવિધિ તરીકે જ્યારે પ્રશ્નાવલી બનાવવામાં આવે ત્યારે મળતા જવાબો કેવા ન હોવા જોઈએ ?
(A) ટૂંકા શબ્દોના (B) ટૂંકા વાક્યોના
(C) ચિહ્ન દ્વારા દર્શાવી શકાય (D) વિસ્તૃત અને કોઈપણ જાતના બંધન વગરના

(93) નીચે આપેલા લક્ષણોમાંથી કયુ લક્ષણ મૂલ્યાંકનને લાગુ પડતું નથી ?
(A) મૂલ્યાંકન હેતુલક્ષી પ્રક્રિયા છે. (B) મુલ્યાંકન સાધ્ય છે સાધન નથી.
(C) મૂલ્યાંકન સર્વગ્રાહી પ્રક્રિયા છે. (D) મૂલ્યાંકન સતત ચાલતી પ્રક્રિયા છે.

(94) રચનાત્મક મૂલ્યાંકન કરવા માટે નીચેનામાંથી કયા પત્રકનો ઉપયોગ કરવામાં આવે છે ?
(A) પત્રક - C (B) પત્રક - B (C) પત્રક - A (D) પત્રક - D

(95) શાળાકીય સર્વગ્રાહી મૂલ્યાંકનમાં પત્રક - E શું છે ?

(A) સર્વગ્રાહી વિકાસાત્મક સંગ્રહિત પ્રગતિપત્રક
(B) રચનાત્મક મૂલ્યાંકન
(C) વ્યક્તિત્વ વિકાસપત્રક
(D) શાળાંત પ્રમાણપત્રક

(96) સામાજિક વિજ્ઞાન ખંડનું સામાન્ય સંજોગોમાં કેટલું ક્ષેત્રફળ હોવું જોઈએ ?

(A) 500 થી 700 ચોરસફૂટ
(B) 600 થી 900 ચોરસફૂટ
(C) 800 થી 900 ચોરસફૂટ
(D) 1000 થી 1200 ચોરસફૂટ

(97) નીચે આપેલા વિધાનમાંથી કયું વિધાન પાઠ્યક્રમને લાગુ પડે છે ?

(A) અભ્યાસક્ર એજ પાઠ્યક્રમ છે.
(B) પાઠ્યક્રમ વિશાળ ફલક ધરાવે છે.
(C) પાઠ્યક્રમ ધોરણ કક્ષાએ શીખવવામાં આવતા વિષયો છે.
(D) પાઠ્યક્રમ માનવજાતિના સંપૂર્ણ જ્ઞાન અને અનુભવોનો સાર છે.

(98) સામાજિક વિજ્ઞાનના પાઠ્યપુસ્તક માટે નીચે આપેલ વિધાનો પૈકી કયું વિધાન અયોગ્ય છે ?

(A) બાળકોના ભાવિ જીવન ઘડતરમાં અમૂલ્ય ફાળો આપે છે.
(B) હેતુઓ અને વિષયની ક્ષમતાની સિદ્ધિમાં મહત્ત્વનો ફાળો છે.
(C) અભ્યાસક્રમના મુદ્દાઓની સીમા નક્કી કરે છે.
(D) અભ્યાસક્રમની રચના કરવામાં મહત્ત્વનો ભાગ ભજવે છે.

(99) ધોરણ - 6 ના સામાજિકવિજ્ઞાનના પાઠ્યપુસ્તકના મુખ્યપૃષ્ઠ પર દર્શાવેલ માણસનું ચિત્ર કયા એકમ સાથે સુસંગત થાય છે ?

(A) ચાલો ઈતિહાસ જાણીએ
(B) પ્રાચીન નગરો અને ગ્રંથો
(C) ભારતની પ્રારંભિક રાજ્યવ્યવસ્થા
(D) ભારતવર્ષની ભવ્યતા

(100) NCFTE - 2009 ના અભ્યાસક્રમ માળખામાં શાનો સમાવેશ થયો છે ?

1. શિક્ષણમાં પરિપ્રેક્ષ્ય
2. અભ્યાસક્રમ અને અધ્યાપન શાસ્ત્રનો અભ્યાસ
3. ક્ષેત્રકાર્યમાં સંલગ્ન થવું
4. ફિલસૂફી, મનોવિજ્ઞાન અને સમાજશાસ્ત્ર

(A) 1, 2, 4
(B) 1, 2, 3
(C) 1, 3, 4
(D) 2, 3, 4

◆◆◆

રફ કામ માટેનું પેઈજ

PAPER-2

# રફ કામ માટેનું પેઈજ

પરીક્ષા પૂરી થયાબાદ OMR શીટ ખંડ નિરીક્ષકને પરત કર્યા બાદ જ પરીક્ષા ખંડ છોડવાનો રહેશે. તેમ કરવામાં કસૂર થયેથી શિસ્તભંગના પગલા લઈ પરીક્ષા માટે જે તે ઉમેદવારને ગેરલાયક ઠેરવવામાં આવશે.